૫(અ)

નં.સુડા/સુ.૩/ટીપીએસ-૧૬(પાલ)/૯૫૪/૨૪૩૫
૧૩-૩ XX ૨૦૦૧

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
બ્લોકનં. ૧૪, નવમો માળ,
નવા સચિવાલય,
ગાંધીનગર.

Clerk 15/3/01
Urban Development and Urban Housing Department
Sachivalaya, Gandhinagar

વિષય : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૬(પાલ): સુડા:સુરતને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) મુજબ રાજ્ય સરકારશ્રીને મંજુરી અર્થે સાદર કરવા બાબત.

મહાશય,

જયભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સત્તામંડળ દ્વારા મોજે પાલ,તા.ચોર્યાસી ગામના મોટાભાગની વિકસીત વિસ્તારમાં નગર રચના યોજના બનાવવાની જરૂરીયાત જણાતા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ ઉક્ત વિસ્તારમાં નગર રચના યોજના બનાવવા માટે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની રૂબરૂ ચર્ચા તથા લેખિતમાં પરામર્શ કરેલ જે અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્રનં.નરયો/સુરતનં. ૧૬(પાલ)/સુડા/દગુ/૫૧૩, તા.૩૧/૧/૨૦૦૦ થી પ્રસ્તુત નગર રચના યોજનાની નક્કી કરેલ હદ માટે શરતી અનુમોદન આપેલ છે જે અન્વયે સુરત શહેરી વિકાસ સત્તામંડળની તા. ૨૯/૩/૨૦૦૦ ની ૧૦૩ મી બોર્ડ બેઠકના
(૧) ઠરાવનં.૨૦૬૨/ક થી (નકલ સામેલ છે) ઉક્ત અધિનિયમની કલમ ૪૧ હેઠળ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ જેના અનુસંધાને દૈનિક વર્તમાનપત્રો 'ગુજરાત સમાચાર' તા.૮/૪/૨૦૦૦ પાન
(૨) નં.૨ તથા 'ગુજરાતપ્રભા' તા.૮/૪/૨૦૦૦ પાન નં.૭ (નકલ સામેલ છે) તથા સ્થાનિક મહત્વની સરકારી/અર્ધસરકારી કચેરીઓ અને સંબંધિત
(૩) વિસ્તારની અગત્યની જગ્યાઓ ઉપર (નકલ સામેલ છે) ઈરાદો જાહેર કરવા અધિસુચનની પ્રસિધ્ધિ કરવામાં આવેલ હતી તથા ગુજરાત સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં તા.૩/૪/૨૦૦૦ ના ભાગ-૨ પાના નં.૪૮-૪૯-૫૦ પર જરૂરી પ્રસિધ્ધી કરવામાં આવેલ તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને

..૨/--/--

શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરને તા.૨૬/૪/૨૦૦૦ ના પત્રાંક.સુડા/યુ.૩/ટીપીએસ-૧૬(પાલ)/૨૪૦૦ થી સદર વિસ્તાર દર્શાવતો નકશો/
(૪) અધિસુચનાની નકલ પાઠવી સરકારશ્રીને જાણ કરેલ છે (નકલ સામેલ છે)

પ્રસિધ્ધ થયેલ ઈરાદા મુજબ, નક્કી થયેલ વિસ્તાર માટે જરૂરી મોજણીઓ/માહિતી/કાર્યવાહીઓ પુર્ણ કરીને સત્તામંડળ ધ્વારા ઉકત અધિનિયમની કલમ ૪૨(૧) મુજબ તૈયાર કરેલ નગર રચના યોજનાનો મુસદ્દો/દરખાસ્તો માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૯ ના નિયમ-૧૭ મુજબ જમીનમાં હિતોની એક સભા (ઓનર્સ મીટીંગ) બોલાવવા નક્કી થતા તે અંગે સ્થાનિક દૈનિક વર્તમાનપત્ર 'ગુજરાતમિત્ર'
(૫) તા. ૧૫/૧૧/૨૦૦૦ ના પાન નં.૨ ઉપર જાહેરાત આપેલ (નકલ સામેલ છે) સદરહુ નિયમમાં જણાવ્યા પ્રમાણે જમીનમાં હિતોના ઉપલક્ષમાં શેરધકો કે જેના સરનામાની જાણ હતી તેને વ્યક્તિગત [redacted] નોટીસો પાઠવીને તથા સંબંધિત વિસ્તારની મહત્વની જગ્યાઓએ મા એની જાહેરસુચનાની
(૬) પ્રસિધ્ધિ કરવામાં આવેલ xx (નકલ સામેલ છે) જે મુજબ તા. ૧૮/૧૧/૨૦૦૦ ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે કોમ્યુનિટી હોલ, ગ્રામ પંચાયત પાલ, પંચાયત કચેરી સામે, પાલ, મુકામે જમીનમાં હિત/હીત સંબંધિત વ્યક્તિની મીટીંગ બોલાવવામાં આવેલ હતી. જે બાદ જરૂરી કાર્યવાહી કરી, ઉકત અધિનિયમની કલમ-૪૨(૧) મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના વિહીત રીતે પ્રસિધ્ધ કરવાનું સત્તામંડળની તા. ૧૫/૧૨/૨૦૦૦ ની બોર્ડ બેઠક નં.
(૭) ૧૭૬ ના ઠરાવ નં.૨૧૪૩ થી (નકલ સામેલ છે) ઠરાવવામાં આવેલ અને ઉકત અધિનિયમની કલમ-૪૨(૧) મુજબ, મુસદ્દારૂપ નગર રચના યોજના અંગે જાહેર જનતાના વાંધા સુચનો મંગાવવા માટે તા. ૧૫/૧૨/૨૦૦૦ ના
(૮) અધિસૂચના નં.સુડા/ટીપીએસ. ૧૬(પાલ)/૭૯૩૭ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ (નકલ સામેલ છે) જેની સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો 'ગુજરાત સમાચાર' તા.૨૦/૧૨/૨૦૦૦ પાન નં.૫ તથા 'નવગુજરાત ટાઈમ્સ' તા. ૧૯/૧૨/૨૦૦૦
(૯) ના પાના નં.૩ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ (નકલ સામેલ છે) તથા ગુજરાત સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટના ભાગ-૨ ઉપર તારીખ ૧૫/૧૨/૨૦૦૦ ના રોજ પાન નં.૨૦૮-૨૦૯ ઉપર પ્રસિધ્ધિ પામેલ છે
(૧૦) (નકલ સામેલ છે) જે અન્વયે ઓનર્સ મીટીંગ બાદ સ્કીમ પ્રસિધ્ધિની સમય-મર્યાદા તા. ૧૮/૧૧/૨૦૦૦ થી તા. ૧૪/૧૨/૨૦૦૦ દરમ્યાન મળેલ વાંધા સૂચનો તથા સ્કીમની પ્રસિધ્ધિ અન્વયે એક માસની કાયદાકીય સમયમર્યાદા (તા. ૧૫/૧૨/૨૦૦૦ થી તા.૧૪/૧/૨૦૦૧) સુધીમાં દરમ્યાન મળેલ વાંધા સૂચનોની વિચારણા/પૃથ્થકરણ વિગેરે કરીને પ્રસ્તુત સ્કીમ પ્રસિધ્ધ થયાની તારીખથી ઉકત કાયદાની કલમ ૪૮(૧) હેઠળ જરૂરી સાહીત્ય વિગેરે સહ

...૩/--

સરકારશ્રીને સાદરxx કરવાની મુદત તા. ૧૪/૩/૨૦૦૧ ના રોજ પુરી થાય છે. આથી સત્તામંડળની તા. ૧૫/૧૨/૨૦૦૦ ની બોર્ડ બેઠકમાં xxxx ઠરાવ્યા મુજબ પ્રસ્તુત નગર રચના યોજનાની આગળની તમામ કાયદેસરની કાર્યવાહી કરવા આપેલ સુચના અન્વયે સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૬(પાલ):સુડા:સુરત, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવે છે અને આ સ્કીમ અંગે આવેલ વાંધા સૂચનોના મુદ્દાઓ અને કાયદાકીય જોગવાઈઓ લક્ષે લઈ જરૂરી સુધારા-વધારા કરી મંજુર પત્રકોની વિવરણની વિગતોમાં ફેરફાર કરી, તદાન્વયે જરૂરી સાહીત્ય તથા મૂળ વાંધા સૂચનો (અસલ એક અરજી) સામેલ રાખી રાજ્ય સરકાર-શ્રીને તથા અસલ અરજીની ઝેરોક્ષ નકલો પૃથ્થકકરી અન્ય સેટમાં સામેલ રાખી તે અંગેનો સત્તામંડળનો ઠરાવ હવે પછી આગળની બોર્ડ બેઠકમાં રજુ રાખી રાજ્ય સરકારશ્રીને મોકલવામાં આવશે. વધુમાં વિકાસ યોજનાનો વિભાગીય નકશો નગર રચના યોજનાની હદ સહીત આ સાથે સામેલ રાખેલ છે.

આ યોજનામાં સમાવિષ્ટ થયેલ જમીનો/હદ વિસ્તાર અંગે અથવા યોજના મંજુર કરવા બાબતે નામદાર કોર્ટનો કોઈ મનાઈ હુકમ થયેલ xxxxxxxxxx જણાતો નથી તેમજ હાલે કોઈ કોર્ટમેટર પણ ચાલુ નથી.

સદર હકીકતે ઉક્ત યોજનાને કાયદાની કલમ ૪૮(૨) ની જોગવાઈઓમાં નિયત સમયમર્યાદામાં રાજ્ય સરકારશ્રીની મંજુરી આપી તેને અંતિમ કરવા સારૂ નગર આયોજન અધિકારીની નિમણૂંક પણ કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

E.Q. 13/3

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુરત.

13/3/03

__બિડાણ ::__

(૧) ઉપર મુજબ પાન નં. ૧ થી ૩
(૨) મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો સામેલ કરતો ચોપડો નંગ-૧ જેમાં
- (ક) લીગલ ફોરમાલીટીઝ અને ડોકયુમેન્ટસ
- (ખ) ઈન્ટ્રોડકશન અને સેલર ફીચર્સ
- (ગ) વેલ્યુએશન સ્ટેટમેન્ટ અને કપાતના ધોરણનું પત્રક
- (ઘ) સેલ્સ સ્ટેટમેન્ટ
- (ચ) ફોર્મ-એફ (રીડીસ્ટ્રીબ્યુશન અને વેલ્યુએશન પત્રક)
- (છ) ફોર્મ-જી (કાચા-સ અને કામના અંદાજો)

...૪/--